**આજ રોજ તારીખ 15.7.2019ના રોજ સમજુબા શાળા ખાતે મહિલા સુરક્ષાઅંગે ની મીટીંગનું આયોજન કરવામાં આવેલ જેમાં ઈસનપુર પોલીસ સ્ટેશનના મહિલા સ્કોડના ટીમના તમામ કર્મચારીઓએ શાળામાં અભ્યાસ કરતી તમામ છોકરીઓ ને કોઈ અસામાજીક તત્વોથી કોઈ પણ જાતની હેરાન પરેશાની હોય તો મહિલા સુરક્ષા ના મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરી શકે છે જે બાબતે ની જરૂરી સુચનાઓ આપવામાં આવેલ.**












| | | |
|---|---|---|
| અમદાવાદ શહેર પોલીસ | ઇસનપુર પોલીસ સ્ટેશન<br>અમદાવાદ શહેર<br>ફોન નં. ૦૭૯- ૨૫૪૩૦૧૮૦<br>Email.ID-polstn-isanpur-ahd@gujarat.gov.in | અમદાવાદ શહેર પોલીસ |

# PRESS NOTE

**દાણીલીમડા પો.સ્ટેશન ફ.ગુ.ર.નં ૩૦/૨૦૧૫ ઇ.પી.કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૪૧૩,૧૧૪ મુજબના ગુનામા સને-૨૦૧૫ ની સાલથી નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ**

**મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા--ફરતા/વોન્ટેડ આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોય પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ વી.એન.ભરવાડનાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા અ.પો.કો ચન્દ્રસિહ અજુભાઇ તથા અ.પો.કો મો.અશરફ ઇસ્માઇલભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમીથી** દાણીલીમડા **પો.સ્ટેશન** ફ.ગુ.ર.નં ૩૦/૨૦૧૫ ઇ.પી.કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૪૧૩,૧૧૪ **મુજબના** ગુનામા નાસતો-ફરતો **આરોપી** સદામ મુખ્ત્યારઅલી રહે કાશીરામ મીલની ગલી દાણીલીમડા અમદાવાદ શહેરનાને વિશાલનગર બરફની ફેકટરી પાસેથી આજરોજ તા ૧૪/૦૭/૨૦૧૯ ના કલાક ૧૯/૪૫ વાગે પકડી પાડી દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે સોપવા તજવીજ કરેલ છે તા.૧૪/૦૭/૨૦૧૯

